# ટ્રેક નં. ૯ : પૂજ્યશ્રી શ્રીમદ્ રાજચંદ્ર વિષે

✻ જ્ઞાની જ જ્ઞાનીના ગજ માપી શકે. એવી જ રીતે પૂજ્ય બેનશ્રીને સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે કેવો અહોભાવ છે એ સાંભળીએ.

✻ માંગલિક :

✻ ભક્તિ : અહો અહો શ્રી સદ્ગુરુ, કરૂણાસિંધુ અપાર (૨)
આ પામર પર પ્રભુ કર્યો (૪) અહો અહો ઉપકાર રે...
આત્મા છું, આત્મા છું (૬)

❀ બહેનશ્રી : ઘણો પ્રચાર આત્મસિદ્ધિ ને બધો કર્યો છે. એમની હાજરીમાં અમુક હતો, પાછળથી બહુ થયો છે. વિહાર કરતી વખતે ઘણીવાર આ માર્ગ સાચો અને ધ્યેય આત્માનું. આત્માનું સ્વરૂપ સમજાવે એની અપૂર્વતા દિગંબરમાં, દિગંબર માર્ગ એટલે શું? કોઈ વાડો નહીં પણ અંદર મુક્તિનો માર્ગ જ એ છે એવો એમણે (શ્રીમદે) પ્રકાશ કર્યો. અવધાન કર્યું ત્યારે ખાસ મુમુક્ષુએ ભાગ લીધો. એવી રીતે પહેલા બહુ પ્રસિદ્ધ થઈ ગયું. એવી એમની સ્મૃતિ ઘણી. એમ આવે છે કે પોતે નાના હતા પંદર સોળ વરસના, એને બગીચામાં બેસીને એમ થયું આઠ પાનામાં હું કેટલું કરી શકું? આઠમાંથી સોળ થયા. પછી સોળમાંથી વધતા ગયા. પોતે પોતે બત્રીસ કર્યા. ઓલા કહે અપાસરામાં દેખાડો. એમ કરતાં કરતાં બાવન સુધી એવી રીતે આઠ પાનામાં. કોઈએ જુદા જુદા અક્ષરો આપ્યા કોઈ ગાથાના છૂટા પાડીને એ બધા અક્ષરો ભેગા કરીને આપે, ભેગા કરીને એની ગાથા બનાવી આપે એકસાથે બધું. અને સરવાળા ને ગુણાકાર ને ભાગાકાર એ બધું ગણતા જાય. અને જે ગીતના અક્ષરો હોય, બધા છૂટા છૂટા હોય એને બધા ભેગા કરીને એનું ગાયન બનાવે. બધા ગાથાના અક્ષર પહેલો હોય છેલ્લો હોય. એમાં વચ્ચે આડા અવળા કરી નાખ્યા હોય. બધાનું સરખું કરી

આપે, સરવાળા, બાદબાકી, ભાગાકાર એ બધું આપ્યું હોય. એ કરી આપે, શતરંજ રમે, ગંજીપત્તા રમે એ બધામાં ધ્યાન રાખતા જાય. કોઈ માળા ગણતું હોય, ને એ માળાના મણકા ગણતા જાય કે આને કેટલી માળા, એવા અવધાનના પ્રયોગ કરતા જાય. એ બધું ધ્યાન રાખે. એના વાંસા ઉપર કોઈ ચણોઠી નાખતું હોય તો ચણોઠી ગણતા જાય કે કેટલી ચણોઠી નાખી? એક ગાયન બનાવો, જેમાં રાજચંદ્ર, રવજીભાઈ એવા બધા શબ્દ આવે 'પણ હોય, રાખે યશચંદ્રોદય'. એમાં કાંઈક રાજચંદ્ર બધું આવી જાય છે. એવી જાતનું કંઈ જોડી આપે. એવું કરી આપે. 'અમારાથી આ દુનિયા શોભતી છે'. એવો કાંઈક શબ્દ હતો એના આવા શબ્દ બધા છૂટા પાડી પાડીને તમારાથી, છે, ને વચ્ચે એવું નાખી દે. આડા અવળા અક્ષર કરીને બધા અક્ષર ભેગા કરીને વાક્યનું બધું સરખું કરી આપે એવી જાતનું એમનું (ધ્યાન હતું).

❀ બહેનશ્રી : આવે છે ને ! એમ સૂચવે કાંકરો દિલ ખોલીને દેખ. મનખા મનુષ્ય કર્યા મુજ સમા. વિના ધર્મથી લેખ. તારો મનુષ્ય ભવ ધર્મ વગરનો મારા જેવો છે. કાંકરા જેવો છે. તું કાંકરા જેવો છે તારો મનુષ્ય જન્મ 'મનખા કર્યા મુજ સમા વિના ધર્મથી લેખ'. તારો મનુષ્ય ભવ ધર્મ વગરનો કાંકરા જેવો છે. એવી એની કાવ્યશક્તિ, આટલી એની સ્મરણશક્તિ. એવી રીતે પોતે રોજ અવધાન કરતા.

✻ પ્રશ્ન : લાખોના હીરા ફેરવો છો તે તમને કાંઈ (પાપ) નહીં થાતું હોય? અને અમને કહો છો? ત્યારે ગંભીર થઈને કહે કે મુનિ– કાળકોટ વિષ ભાળીએ છીએ. તમને એવું થાય છે? એટલે એવું અંતર જોવાનું છે. હીરા નહીં.

● ઉત્તર : અંદર એની દૃષ્ટિ જોવાની છે. બહાર ક્રિયાકાંડ નહીં. અંદરથી રસ તૂટીને ભેદજ્ઞાનની ધારા વર્તે છે અંતરમાં. હું અત્યંત જુદો અને જુદી પરિણતિ થઈ ગઈ છે. ચૈતન્ય જુદો અને

એની પરિણતિ પાછી સ્વભાવ તરફ વળી ગઈ છે. અત્યંત રસ તૂટી ગયો છે અંતરમાં. ક્ષણે ક્ષણે જુદું. ક્રિયા એ જુદી ને હીરા એ જુદા. રાગ જુદો ને બધું જુદું. રાગની એકત્વ બુદ્ધિ તૂટી ગઈ છે. હીરા તો ક્યાંય ગયા. રાગની એકત્વ બુદ્ધિ તૂટી ગઈ છે.

❀ બહેનશ્રી : ક્યાંય એકત્વબુદ્ધિ જ થાય નહીં. આ તો પણ એને કાંકરાનું એમણે નાની ઉંમરમાં કીધેલું છે. (સાવ નાની ઉંમરમાં) પછી ભેદજ્ઞાનની ધારા તો પછી થઈ ગઈ. (પછી થઈ. હા. પછી થઈ.) વૈરાગી પરિણતિ નાનપણથી હતી ને ત્યારે કીધેલું. (શતાવધાન કરતાં એ અરસામાં) એ અરસામાં. ભેદજ્ઞાન ને બધું પછી થયું. સમ્યગ્દર્શન—સ્વાનુભૂતિ પછી થઈ. આ તો ધગશના કારણે (એ ભાવ થયા અને કંઈક કંઈક થયું છે. આ 'પુણ્યકેરા પુંજથી' એ પણ પહેલા કરેલું છે. ઈ એ પહેલું. સમ્યગ્દર્શન પહેલા કરેલું છે. (સમ્યગ્દર્શન પહેલા કરેલું છે.) સોળ, સત્તર વર્ષની ઉંમરે.

✻ ભક્તિ : હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું.

❀ બહેનશ્રી : 'હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારૂં ખરું' એ બધું પહેલા કરેલું. (સત્તર વર્ષની ઉંમરે આખી મોક્ષમાળા ત્રણ દિ'માં કરી. ત્રણ દિવસમાં. કેટલા ગંભીર પાત્ર.)

❀ બહેનશ્રી : સમ્યગ્દર્શન થયા પછી 'હરિ હરિ' એવી જાતનું બધું લખે છે. અમારી અંતર દશા કોણ જાણે છે? એવું બધું લખે છે. (પિયુ પિયુ પોકારે છે. ને જેને લાગી છે એને જ લાગી છે. એવું લખે છે.) એ હીરા વેચનારને કોણ જાણે? નથી ખાવું ગમતું. નથી પીવું ગમતું. નથી બેસવું ગમતું. નથી (ઉઠવું ગમતું. નથી સૂવું ગમતું. એ પણ સમકિત પહેલાં) હા. ઈ પહેલાં. ઈ પોતે લખે છે. પછી અંતરનું ય કાંઈક લખ્યું છે. 'હરિ હરિ' અંતર પોકારે છે ને એવું બધું એમ લખ્યું છે. 'હરિ'. આત્માના અર્થમાં 'હરિ' કરે છે

**પ્રશ્ન : વનમાંથી હાંકી કાઢેલી કોયલ જેમ ગામમાં આવીને પરાણે રહે એવી અમારી સ્થિતિ છે. વનની મારી કોયલ–વનના અમે વાસી, સંસારમાં અમે આવી પડ્યા છીએ. વનની મારી કોયલ.**

● ઉત્તર : એવો અર્થ હોય. અમે એકલા આત્મામાં રહેનારા, એમાં આ ગૃહસ્થાશ્રમમાં રહેવું પડ્યું છે. ગૃહસ્થાશ્રમમાં ક્યાં આવી પડ્યા? આત્મા તો એકલો. બધા વિભાવ વગરનો એકલો. સાધના કરવા માટે જંગલમાં રહેનારા અમે આ ગૃહસ્થાશ્રમમાં આવી પડ્યા. (જે સંસારનો ક્ષય થવાનો હોય તેના સોમા ભાગનો પણ આ કાજલની કોટડીમાં રહીને થવાનું નથી.) એટલો બધો વૈરાગ્ય અંદરથી છૂટવાનો છે. ભેદજ્ઞાનની ધારા, જ્ઞાતા, કર્તા સ્વાનુભૂતિ એ બધા ભાવ આવે આમ ભાષામાં એવા બધા શબ્દ આવે છે.

❀ બહેનશ્રી : પછી એમણે આત્માનું કર્યું ને આ બધું (શતાવધાન) છોડી દીધું. આત્મામાં ઉતરી ગયા. વેપાર ધંધા કરે ને એટલે પછી થોડો ટાઈમ ગુજરાતમાં આવે. ઈડરમાં ફરે. ઈડરના પહાડ ઉપર જંગલમાં ફરે. જંગલમાં ફરે. બધે એકલા. એની પાછળ કેટલાક સ્થાનકવાસી સાધુઓ જંગલમાં એની પાછળ પાછળ ફરે. તેમને કહે કે તમે મારી વાંહે વાંહે (પાછળ) શું ફરો છો? મારી વાંહે વાંહે (પાછળ) આવો છો? તોય બિચારા ભાવથી એની વાંહે જાતા. પછી રસ્તામાં જંગલમાં વાંદરો દેખાય તો કહે ‘અરે મહાત્મા ! અમથું એ તો હસે. ‘અરે મહાત્મા. અપ્રતિબંધ વિહારી, અપ્રતિબંધ વિહારી આવી રીતે ફરો છો. કંઈ પ્રતિબંધ વગરના. પણ યાદ રાખજો તમારો મોક્ષ હજી દૂર છે. મુનિની માફક ફરો છો અપ્રતિબંધ અને આનંદથી ફરો છો. એવી છે (શ્રીમદ્‌જીની) નાનપણથી સ્થિતિ.

❀ બહેનશ્રી : પછી અધ્યાત્મમાં વળ્યા. અપૂર્વ અવસર અને આત્મસિદ્ધિશાસ્ત્ર. અંબાલાલભાઈ ફાનસ પકડીને ઊભા રહ્યા.

એક કલમ ચાલી તો ૪૨ ગાથા આત્મસિદ્ધિની એકસાથે કરી

દીધી. આત્મા છે. કર્તા છે. નિત્ય છે. ભોક્તા છે. મોક્ષ છે. મોક્ષનો ઉપાય છે આખું બધું એમને એમ જોડી દીધું છે. કેવી એ કાવ્યશક્તિ? અને કેવા એ શબ્દ ગંભીરતા ભરેલા છે? આખી આત્મસિદ્ધિ એક કલમે જોડી દીધી. કોઈકે જોયા હોય ને તો કહે કે એ તો વૈરાગ્ય તો એનો જ હતો. એમ કહે છે. ચોખ્ખો માર્ગ કર્યો ને! એનામાં એવી જાતની સ્મરણશક્તિ તો પાર વગરની હતી. સરવાળા ને બાદબાકી ને ગુણાકાર ને ભાગાકારને બધું કરે, આડા અવળા ગાથાના અક્ષરો બધા ભેગા કરીને આખું પદ બનાવી દે. એ મનમાં રાખે. ઓલા માળાના મણકા ગણે. એવા તો બાવન ચીજોનું ધ્યાન રાખે. આ શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી બધું વાંચે. જે પુસ્તક વાંચે એકવાર વાંચી લે. બીજીવાર એમને વાંચવું ન પડે. કેટલીવારમાં વાંચી લે. એક વર્ષની અંદર કેટલુંય વાંચી નાખ્યું. યાદશક્તિ ઘણી. સમ્યગ્દર્શન થયું અને તેત્રીસ વર્ષે (સ્વર્ગવાસી) વચ્ચે દસ વરસનો ગાળો રહ્યો એને. આખું કરતાં કરતાં વાર લાગે ને વચ્ચે દસ જ વરસનો ગાળો રહ્યો એને. મંડળ સ્થાપ્યું અને એમાં જે દિગંબરના શાસ્ત્રો આ હિન્દી. એ બધા એણે શાસ્ત્રો ભંડારમાં છપાવ્યા. શાસ્ત્રભંડારમાંથી શાસ્ત્રો બધા ક્યાંય સુધી નીકળતા હતા. એના ભંડારમાંથી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, ઉપર રાયચંદ્ર ગ્રંથ બૃહદ્માળા—બૃહદ્ દ્રવ્યસંગ્રહ એવા કેટલાય. આ બધી ગાથા એ આવતા જતા જંગલમાં ગાતા. અધ્યાત્મમાં એને અમુક જ માણસો ઓળખતા હતા. પાછળથી ખૂબ માણસો ઓળખવા માંડ્યા.

❀ બહેનશ્રી : આ પ્રભાવનાનો કાળ આવી ગયો. શ્રીમદ્દે કહ્યું હતું કે 'પચાસ વર્ષ પછી જાગશે કોઈ મહાપુરુષ.' એમણે એકદમ છણાવટ કરી. એની વાણીમાં ચોખ્ખે ચોખ્ખું બધાને ગ્રહણ થાય એવું લખ્યું. અતિશયતાવાળી બધાને છાપ પડે એવું. જીવન પહેલેથી. નાની ઉંમર.

**✻ પ્રશ્ન : શ્રીમદે લખ્યું છે ને જે વાંચવાથી, વિચારવાથી આત્મા, વિભાવથી બધા ભાવોથી પાછો ન પડ્યો હોય તે વાંચવું વિચારવું મિથ્યા છે.**

● ઉત્તર : વાંચવું, વિચારવું એથી વિરક્તિ નથી આવતી. ખરી વિરક્તિ તો અંદર ભેદજ્ઞાન થાય ત્યારે. સાચી વિરક્તિ તો તેનું નામ છે. તે પહેલા મંદકષાય થાય એ કવું તારતમ્ય એ સાચી વિરક્તિ નથી. એ મંદકષાય રૂપ છે. સાચી વિરક્તિ તો એનું નામ છે કે જે બધા વિભાવોથી ભેદજ્ઞાન કરીને અંતરમાં જેટલા બધા જ્ઞાયકતાના પરિણામ, જ્ઞાતાપણાની તીખાશ થાય. જે અંતરમાં નિવૃત્ત પરિણામ આવે એનું નામ વિરક્તિ છે. અંતર સ્વરૂપમાં સ્થિરતા થાય, સ્વરૂપમાં લીનતા થાય એનું નામ વિરક્તિ છે. એને અંશે અંશે જે ગૃહસ્થાશ્રમના ભાવોનો જે અંતરમાંથી તારતમ્ય એકત્વબુદ્ધિ છૂટતી જાય, એનો રસ તૂટતો જાય તેનું નામ વિરક્તિ છે. અંતરમાંથી અકષાયભાવ જે તૂટીને અંતરમાં જે લીનતા થાય, સ્વરૂપનો આનંદ વધતો જાય, સ્વરૂપની લીનતા વધતી જાય એનું નામ વિરક્તિ છે. એ તો અવશ્ય થાય જ. જેને સમ્યગ્દર્શન થાય એને વિરક્તિ થાય જ. એને સ્વરૂપની લીનતા વધતી જાય ક્રમે ક્રમે. પછી એમાં એને ક્રમ પડે. કોઈને વાર લાગે, કોઈને તરત થાય. પણ અવશ્ય એને વિરક્તિ આવે જ. જ્ઞાનનું ફળ વિરક્તિ તો આવે જ અને અંશે સ્વરૂપ રમણતા તો જે જ્ઞાયકતા ઓળખી જ્ઞાતાધારા થઈ એને સ્વરૂપ રમણતાં ચાલુ જ થઈ ગઈ. અનંતાનુબંધી કષાય તૂટી ગયો એટલે એટલી વિરક્તિ એ રીતે આવી ગઈ. પણ જે વિરક્તિ ચારિત્રદશાની—ચારિત્રદશાની વિરક્તિ આવતાં વાર લાગે પણ અવશ્ય આવે જ. ખરી વિરક્તિ એ જ છે. મંદકષાય થાય એ કાંઈ વિરક્તિ નથી. એ તો મંદકષાય છે. વાંચે, વિચારે એમાં મંદ કષાય થાય કે આ વિભાવભાવ સારો નથી એવી ભાવના થાય. રુચિ થાય એ પણ હજી વાસ્તવિક નથી. એતો ભાવના કરે છે. મંદકષાય છે.

✻ **પ્રશ્ન : પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર, એવો લક્ષ થયા વિના' એમાં શું ભાવ છે?**

● ઉત્તર : પ્રત્યક્ષ સદ્ગુરુ જે માર્ગ બતાવે એ પ્રત્યક્ષ ચૈતન્યકિલ્લો એની વાત આખી જુદી છે. જિનેન્દ્રદેવ પરોક્ષ જિનઉપકાર. સાક્ષાત્ નથી. ભગવાનને બતાવનાર ગુરુ. ગુરુ બતાવે છે ભગવાનને પણ પ્રત્યક્ષ સદ્ગુરુ જે ચૈતન્યમૂર્તિ છે અને એ જે માર્ગ બતાવે છે, એ અંદર આત્મ સ્પર્શીને જે વાણી આવે છે એનો ઉપકાર 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં. પરોક્ષ જિનઉપકાર' જિનેશ્વરદેવનો ઉપકાર છે, જગત ઉપર જિનેન્દ્રદેવનો, મહાવીર ભગવાનનો, અનંત તીર્થંકરોનો એ પરોક્ષ છે એ ભગવાનને પોતે ઓળખતો નથી. એને ઓળખાવનાર ગુરુ છે અને પ્રત્યક્ષ ગુરુ જે સમજાવે એ પ્રત્યક્ષ સમજાવે એની વાત જુદી છે. 'એનું લક્ષ થયા વિના'—એવું જે લક્ષ જેને બંધાણું નથી. જે પ્રત્યક્ષ જે ગુરુ બતાવે છે એ કંઈક જુદું જ છે. બધું ગુરુ જ બતાવે છે. તે વિના એને આત્મવિચાર ઉગતો નથી. પરોક્ષ જે ભગવાન થઈ ગયા છે એનું સ્વરૂપ સમજાવનાર તો ગુરુ છે. માટે ગુરુનો પ્રત્યક્ષ ઉપકાર છે. ગુરુદેવનો. ભગવાનનો ઉપકાર છે. ભગવાન પ્રત્યક્ષ સાક્ષાત્ બિરાજતા હોય એ વાત જુદી છે. અત્યારે ભગવાન સાક્ષાત્ બિરાજતા નથી. તો ભગવાનને બતાવનાર ગુરુ છે. ભગવાને જે માર્ગ બતાવ્યો એને સાક્ષાત બતાવનાર તો ગુરુ છે. એણે સાક્ષાત્ એ માર્ગને પ્રગટ કર્યો છે. અંતરમાં પરિણતિ પ્રગટ કરી છે એવી આત્મમાં સ્પર્શીને ગુરુદેવની જે વાણી આવે છે એ વાણીની કોઈ જુદી જ અસર થાય છે. અનંતકાળથી દેશનાલબ્ધિ જે થાય છે એ પ્રત્યક્ષ ગુરુ અને પ્રત્યક્ષ દેવના ઉપદેશથી થાય છે. એ પરોક્ષથી થતી નથી. પ્રત્યક્ષથી જ થાય છે. એ પ્રત્યક્ષનો ઉપકાર કોઈ જુદો જ છે અને આત્મામાં ભેદજ્ઞાન કરવાનું સાક્ષાત્ નિમિત્ત બને છે. ગુરુની વાણી છે. ગુરુની અને દેવની સાક્ષાત્ પ્રત્યક્ષ સાક્ષાત્વાણી હોય. તો

'એનું લક્ષ થયા વિના ઉગે ન આત્મ વિચાર' એ આત્મા એનું લક્ષ જેને નથી એ આત્માના જે પ્રત્યક્ષ ગુરુ છે એનો ઉપકાર લક્ષમાં લેતો નથી. એ પ્રત્યક્ષગુરુએ આ સમજાવ્યું છે. અને જે પરોક્ષ છે તેના ઉપર તેની દૃષ્ટિ જાય છે તોય એને સમજતો નથી. એને આત્મવિચાર ઉગતો નથી. જે સાક્ષાત્ તને સમજાવે છે એને લક્ષમાં લેતો નથી અને 'ભગવાને આમ કીધું' આમ પોતાની મનોકલ્પનાથી શાસ્ત્રમાં આમ આવે છે, આમાં આમ આવે છે એમ પોતે કલ્પના કર્યા કરે છે એને આત્મનો વિચાર, એને આત્મર્થતા પ્રગટ થતી નથી. ગુરુ શું અર્થ કરે છે? ગુરુ જે એને પ્રત્યક્ષ બતાવે છે એનો ઉપકાર લક્ષમાં લેતો નથી. અને બીજી બીજી કલ્પનાઓ કરે છે તો તેને આત્માનો વિચાર ઉગતો નથી.

*** પ્રશ્ન : માતાજી ! શ્રીમદ્‌જી કહતે હૈ યદિ યે જીવ સત્પુરુષકે ચરણોમાં આ જાય ઔર મોક્ષકી પ્રાપ્તિ ના હોય તો હમસે લે જાય. એ કૈસે હૈ માતાજી ? કૈસા પ્રભાવ પડતા હૈ જ્ઞાની કે ચરણોમેં ?**

● ઉત્તર : જે જ્ઞાની કહતે હૈ સબ યથાર્થ હૈ. યે જો યે ઈસને જો મુક્તિકા માર્ગ બતાયા, જો કહા વો સબ યથાર્થ હૈ. ઈસલિયે અપને સ્વભાવમેં ગ્રહણ કર લેના. જો જ્ઞાની કહતે હૈ વો સબ યથાર્થ હૈ ઐસી અપની પરિણતિ પ્રગટ કર લે. સબ ભાવ અર્પણ કર દેના. યે વિકલ્પ હૈ યે મેરા સ્વભાવ નહીં હૈ. મૈં વિકલ્પસે ભિન્ન હૂઁ. સબ વિકલ્પકો જ્ઞાનીકે ચરણોમેં છોડ દેના. એટલે જ્ઞાયક હો જાના. તો મુક્તિ અપને આપ હો આતી હૈ. જો જ્ઞાયકકી ધારા પ્રગટ હો તો સ્વાનુભૂતિ અપને આપ પ્રગટ હો જાતી હૈ. વિકલ્પસે ભેદજ્ઞાન કર દેના. વિકલ્પ સબ ભાવ જ્ઞાનીકે ચરણમેં છોડ દેના. મૈં ઈનકા સ્વામી નહીં હૂં. ઔર મૈં જ્ઞાયક દેવ હૂઁ. જ્ઞાયક હો ગયા કિ સબ ભાવ જ્ઞાનીકે ચરણમેં આ ગયા. જ્ઞાનીકો કુછ ચાહિયે નહીં પણ સ્વામિત્વબુદ્ધિ છોડકર જ્ઞાયક હો જાના. ઈસમેં મુક્તિ-અપને આપ મુક્તિ હો જાતી હૈ.

✻ પ્રશ્ન : ભાવમોક્ષકી વિશેષતા ?

● ઉત્તર : માત્ર મોક્ષઅભિલાષ. એક અભિલાષા મોક્ષકી હૈ. બીજી કોઈ અભિલાષા નહીં. બીજું કંઈ મારે ન જોઈએ. એક આત્મા સિવાય કંઈ પ્રયોજન નથી. મુમુક્ષુના જે જે કાર્ય હોય એક આત્માને માટે. માત્ર મોક્ષ અભિલાષા. બીજી કોઈ અભિલાષા નથી. 'માત્ર મોક્ષ અભિલાષા' એટલે આત્માનું સ્વરૂપ મને કેમ પ્રગટ થાય? મોક્ષ એટલે અંતરમાંથી મુક્તિની દશા. 'કષાયની ઉપશમતા માત્ર મોક્ષ અભિલાષ.' મોક્ષની અભિલાષ પ્રગટ થાય. કષાયની મંદતા એટલે એવા તીવ્ર વિભાવમાં એને તન્મયતા ન હોય. વિભાવનો રસ મંદ પડી ગયો હોય. ચૈતન્ય તરફના રસની વૃદ્ધિ થઈ ગઈ હોય. ચૈતન્ય તરફની મહિમા અને રુચિ વધારે હોય. એક માત્ર મોક્ષના અભિલાષથી, મોક્ષના હેતુએ, આત્માના હેતુએ મને આત્માની કેમ પ્રાપ્તિ થાય એ હેતુએ એના દરેક કાર્ય હોય. એની જિજ્ઞાસા, રુચિ, લગની, બધું આત્માના હેતુએ. શાસ્ત્રસ્વાધ્યાય, મનન બધું એક મને આત્માની કેમ પ્રાપ્તિ થાય? 'ભવે ખેદ'— આત્માર્થનું જ એને પ્રયોજન છે. કેટલું સ્પષ્ટ કરી દીધું છે? ક્યાંય કોઈની ભૂલ રહે એવું નથી. માર્ગ સરળ અને સુગમ કરી દીધો છે. માત્ર પોતાને પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે.

કોઈ ક્રિયામાં રોકાય, શુભભાવમાં, ગુણભેદ, પર્યાયભેદ એ બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર. પછી બધું વચ્ચે આવે છે તે જ્ઞાનમાં જાણ. દૃષ્ટિ આત્મા ઉપર કરીને જે પર્યાયમાં શુદ્ધિ છે એ શુદ્ધિનો પુરુષાર્થ એની સાથે રહે છે. પર્યાયથી ભેદજ્ઞાન કરીને વિશેષ શુદ્ધિ કરવા માટે એનો પ્રયત્ન એની સાથે જ રહે છે. એ કરવાનું છે. પહેલા આત્માને ઓળખવો. એનું ભેદજ્ઞાન કરવાનું છે. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો.

✻ પ્રશ્ન : (પ્રશ્ન સમજાતો નથી) સત્સંગમાં નિશ્ચય ક્યાં આવે?

● ઉત્તર : સત્સંગ એમાં નિશ્ચય વ્યવહાર બન્ને આવી જાય છે. અનાદિકાળથી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી કર્યું તો એમાં જે અનાદિકાળથી જે દેશનાલબ્ધિ થાય છે એમાં જે દેવ અને ગુરુનો કોઈ પ્રત્યક્ષ ઉપદેશ મળે છે. જે જીવને દેશનાલબ્ધિ છે. ઉપાદાન પોતાનું છે. એ ઉપદેશ મળે અને દેશનાને સંબંધ છે. એ ઉપાદાન નિમિત્તનો સંબંધ છે. ઉપાદાન પોતાનું છે પણ એમાં નિમિત્તનો યોગ એને બની આવે છે. અને અંદરથી પોતાની તૈયારી થાય છે એમ સત્સંગમાં પણ સત્સંગની ઓથ લે. તારૂં ઉપાદાન તૈયાર થયું એમાં સત્સંગ હાજર હોય છે. સત્સંગને ગોત એમાં તારી તૈયારી કર. નિમિત્ત ઉપાદાન બન્નેની સાથે. મારી ઉપાદાનની તૈયારી એમાં મારો સત્સંગ–એમાં સત્પુરુષ હાજર હોય. મારી સાથે મારી સાધનામાં મને સત્પુરુષ મળે. હાજર હોય મારા નિમિત્તમાં એ હોય. એ ઉપાદાનમાં મારે આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું છે. એમાં મને સત્પુરુષ મારી સાથે હોય. પછી એ કરી દે છે એવો અર્થ નથી પણ એ નિમિત્ત હોય છે. એવો ઉપાદાનનો નિમિત્તનો સંબંધ છે. એ નિમિત્ત હોય છે અને મુમુક્ષુને એવી ભાવના પણ હોય છે. આગળ જનારને સમ્યગ્દર્શન થાય તો દેવશાસ્ત્રગુરુ ઉપરની ભાવના હોય છે. માને છે કે શુભભાવ પોતાનું સ્વરૂપ નથી પણ વચ્ચે એ શુભભાવ આવ્યા વગર રહેતો નથી. એ માને છે કે હું આગળ જાઉં અને દેવશાસ્ત્રગુરુ મારી સાથે હોય. પ્રવચનસારમાં આવે છે ને 'મારા દીક્ષાના ઉત્સવમાં બધા પધારજો. ભગવંત પધારજો. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધા પધારજો' એમ કહે છે. એમ હું જાણું છું મારા પોતાના સ્વયંથી પણ મારી સાથે આવજો બધા પધારજો. એવો ઉપાદાન નિમિત્તનો સંબંધ છે. સત્સંગ સાથે એને રુચિ અસત્સંગની નથી હોતી, સત્સંગની રુચિ હોય છે. પછી બહારનો યોગ કેટલો બને એ કાંઈ પોતાના હાથની વાત નથી. પણ ભાવના એવી હોય છે કે 'હું આત્માની સાધના કરું એમાં મને દેવગુરુશાસ્ત્ર સમીપ હોય.' એવી ભાવના એને હોય છે.

✻ **પ્રશ્ન : બહેનશ્રી, એક પ્રશ્ન છે. આત્માના અનુભવ પછી છ મહિના સુધી અનુભવ ન થાય તો શું એ જીવ મિથ્યાદષ્ટિ થઈ જાય?**

ઉત્તર : છ મહિના એવો કોઈ નિયમિત્ત કાળ નથી. સ્વાનુભવ થયા પછી એની એવી દશા હોય છે કે અમુક નિયમિત કાળે અનુભવ થઈ જ જવો જોઈએ. એની વર્તમાન પરિણતિ પણ ભેદજ્ઞાનની જ રહેતી હોય. સ્વાનુભૂતિ તો થાય પણ એની વર્તમાન પરિણતિ પણ ભેદજ્ઞાનની જ રહેતી હોય. વર્તમાન પરિણતિમાં પણ જો એકત્વબુદ્ધિ થતી હોય તો એની એ દશા છે જ નહીં. વર્તમાનમાં એની સહજ વર્તતી દશા હોય અને એમાં એને ભેદજ્ઞાન જ રહેતું હોય. અને એને અંદર વિશ્વાસ હોય કે આ અમુક કાળમાં આ પરિણતિ અનુભવ દશામાં જાય છે અને જવાની જ છે. એટલે એવો એને વિશ્વાસ હોય. જાશે કે નહીં જાય? એવી એને શંકા ન હોય. એને વર્તમાન દશા જ એવી સાબિતી આપતી હોય કે આ દશા એવી છે કે અંદર નિર્વિકલ્પ દશા થયા વગર રહેવાની જ નથી. એની વર્તમાન દશા જ એની નક્કી સાબિતી એવો એને વિશ્વાસ હોય છે અંદર એને વર્તમાન પરિણતિમાં શંકા પડે કે થાશે કે નહીં થાય તો એની વર્તમાન પરિણતિમાં જ દોષ છે. એની વર્તમાન પરિણતિ બહાર રોકાય છે પણ આ પરિણતિ એવી છે કે અંદર ગયા વગર રહેશે નહીં એવો એને વિશ્વાસ હોય છે. એનો માર્ગ ચોખ્ખો જ હોય છે. માર્ગ મારો બંધ નથી થયો. અંદર પરિણતિ જવાની જ છે. એને વિશ્વાસ હોય છે. અંદર સહજપણે તે ધારા જ એવી ચાલતી હોય છે એની ભેદજ્ઞાનની ધારા એવી ચાલતી હોય છે કે વિકલ્પ છૂટ્યા વગર રહેવાનો જ નથી. નિર્વિકલ્પદશા થયા વગર રહેવાની જ નથી એવી એને ખાત્રી હોય છે અને થયા વગર રહે પણ નહીં.

❀ બહેનશ્રી : જ્ઞાનીઓને જે નિશ્ચયદષ્ટિ જ એવી હોય છે એને જે ઉદય કાળ હોય છે એ ઉદયકાળ મર્યાદામાં હોય છે. એના ઉદય

કાળ એવા નથી હોતા કે એને સજ્જનતા છોડી દેવી પડે એવા એના ઉદયકાળ નથી હોતા. એના ઉદયકાળ અમુક મર્યાદિત હોય છે. જેને આત્માની લાગી, એને અંદરથી સ્વાનુભૂતિ અને જ્ઞાયક દશા પ્રગટ થઈ. એના ઉદયકાળ એવા હોય છે. એ ગૃહસ્થાશ્રમમાં હોય તોય એ સજ્જનતા છોડી દે એવા ઉદયકાળ નથી હોતા અને એમાં પુરુષાર્થ કામ નથી કરતો એટલે કે એમાં વિશેષ આગળ જઈ ન શકે પણ એનો પુરુષાર્થ એ પોતે કરતા હોય છે. એના જ્ઞાતા રહે છે પણ એને ખેદ રહે છે કે મારાથી આગળ જઈ શકાતું નથી. બાકી નિરંતર એની બધી પરિણતિ મર્યાદા બહાર હોતી નથી. જે લૌકિકને છાજે નહીં એવું વર્તન એને હોતું નથી. એવું ન હોય. એનું એકદમ વૈરાગી વર્તન એને ખેદ થાય કે આ ઉદયમાં હું ઉભો છું. પણ આ ક્ષણે છૂટી જવાતું હોય તો મારે કંઈ જોઈતું નથી. ચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં રહેતા પણ એને અંદરથી ખેદ એમ વૈરાગ્ય આવતો. એને એવો ખેદ હોય છે કે આ ઉદયથી હું છૂટી શકતો નથી. પણ એમાં એનો પુરુષાર્થ કામ નથી કરતો એમ નથી. એની દશા એવી હોય છે કે એ હઠ કરીને આગળ જતા નથી. એને સહજ પુરુષાર્થ ઉપડે એ પુરુષાર્થથી જ આગળ જવાય છે પણ એ પુરુષાર્થ ઉપડતો નથી. એટલે એમ કહે છે કે આ પરદ્રવ્ય મારું સ્વરૂપ નથી. બાકી અંદરથી એને એકદમ વૈરાગ્યદશા અને વિરક્તિ હોય છે. એને ઉદયકાળ લૌકિકને ન છાજે એવી જાતના ઉદયકાળ નથી હોતા. એવું નથી હોતું. એને ભીતરમાં એકદમ શ્રીમદ્ રાજચંદ્રનું વર્તન એનું ગૃહસ્થાશ્રમનું વર્તન એકદમ મર્યાદિત હોય છે. એને અંદરથી કેટલી ઉદાસીનતા અને આત્મા આત્માનો પુકાર કરે છે. અંદર 'જ્ઞાયક જ્ઞાયક' કરે છે એવું એને વર્તન હોય છે. એનું સ્વછંદ જેવું વર્તન હોતું નથી. તમે ગમે એની વાત કરો તો વસ્તુસ્થિતિ આ છે. એને સજ્જનને, ગૃહસ્થાશ્રમને ન શોભે એવા કાર્ય એની આગળ હોતા નથી. એકદમ એનું જીવન જુદું, એનું હૃદય જુદું હોય છે. અંતરથી એને આત્મા આત્મા આત્મા, હું જુદો અને આ બધું જુદું.

આ બધું મારૂં સ્વરૂપ નથી. આ હું ક્યાં ઊભો છું? આ ક્ષણે બધું જો છૂટી જતું હોય અંતરમાં સમાઈ જવાતું હોય તો મને આ કંઈ જોઈતું નથી. એવું એમનું હૃદય હોય છે. અને આગળ ન વધી શકે અને સ્વરૂપમાં વિશેષ લીનતા ન થાય તો એ એનો અંદર જ્ઞાયક રહે છે. પણ અંદરથી છૂટ્ટા અને ન્યારા રહે છે પણ લૌકિકને ન શોભે એવી જાતના કાર્ય, એવા ઉદયકાળ એને હોતા નથી.

પૂજ્ય સદ્ગુરુદેવનો જય હો. પૂ. ભગવતી માતનો જય હો.

## શ્રી સદ્ગુરુ–વંદન

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧.
શું પ્રભુચરણ કને, ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૩.
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૪.
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૫.
પરમપુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૬.
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૭.